ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૪.૬ ડીગ્રી
લઘુતમ : ૦૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૪૩ ટકા

ગાંધીનગર તાપમાન

# ....હા, મારી દેશભક્તિ એટલે....

## પ્રજાસત્તાક દિને આઝાદીના અમૃત પર્વ નિમિત્તે દેશકિતના દૃષ્ટિબિંદુ સ્પષ્ટ કરવા શહેરના અલગ અલગ ક્ષેત્રોના પ્રતિનિધિઓના વિચારો આલેખવાનો નમ્ર પ્રયાસ 'ગાંધીનગર સમાચારે' કર્યો તેની આ છે પ્રસ્તુતિ

ગાંધીનગર, તા.૨૫

આજે પ્રજાસત્તાક દિન છે ત્યારે સૌ દેશવાસીઓને પ્રજાસત્તાક દિનની ખૂબ ખૂભ શુભકામનાઓ અને અંતરના ઉમળકાથી અભિનંદન 'ગાંધીનગર સમાચાર' પાઠવે છે. ભારતનું બંધારણ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦થી અમલમાં આવ્યું અને ડૉ. રાજેન્દ્ર પ્રસાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા. ડૉ. આંબેડકર દ્વારા તૈયાર થયેલ ભારતના બંધારણનો મુસદ્દો પ્રથમ અને સર્વ પ્રથમ સામાજીક દસ્તાવેજ છે. આ દિવસે ભારતમાં સંપૂર્ણ લોકતંત્ર બન્યું.

આજે ૭૩મા પ્રજાસત્તાક દિનની ઉજવણી થઈ રહી છે ત્યારે આપણે દેશવાસીઓ તરીકે સહચિંતન કરીએ કે આપણી દેશભક્તિ કેટલી સીમિત બની ગઈ છે? કયાં ઊણા ઊતર્યા છીએ? હજી શું કરવાનું બાકી છે? અને આવતીકાલના ભારતના નવ નિર્માણમાં શું સ્વપ્ન ઉગી રહ્યા છે? તેના લેખાજોખાનો જે શુભ દિન છે. મારી-તમારી-આપણી સૌની દેશભક્તિ એટલે માત્ર તિરંગાને સલામી આપવી, માત્ર રાષ્ટ્રગીત ગાવું કે બે રાષ્ટ્રીય પર્વોની ઉજવણી ધામધૂમથી કરવી એટલું જ છે? ના...ના... આ તો માત્ર પ્રારંભિક અને પ્રાસ્તાવિક દેશભક્તિ ગણાય. આપણી દેશભક્તિને જો વિશાલ સ્વરૂપે ઓળખવી અને સમજવી હોય તો આપણા સૌના મનમાં ગૂંગળાતી રાષ્ટ્રીય સમસ્યાઓ, દૈનિક જીવનમાં ઓછપ અનુભવતો રાષ્ટ્રીય કર્તવ્યનો ભાવ અને રાષ્ટ્રીય એકતા માટેની પ્રતિબધ્ધતા સામેના પડકારોને ઓળખવા માટેની તત્પરતા આપણને દેશપ્રેમ તરફ દોરી જશે.

આજે પ્રજાસત્તાક દિન પર્વ નિમિત્તે દેશભક્તિ એટલે શું? દેશભક્તિ કેવી રીતે કરીશું? તમારા મતે દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમ શું હોઈ શકે? એ જાણવાનો અને જણાવવાનો અમારો સંકલ્પ છે. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના સમગ્ર વર્ષ દરમિયાન સમાજના નાગરિકો પાસેથી દેશભક્તિના સંકલ્પો, શમણાઓ અને પ્રતિબધ્ધતાને ઓળખવી છે.

૧૯૩૦માં રાવી નદીના કિનારે કોંગ્રેસના લાહોર અધિવેશનમાં પંડિત જવાહરલાલ નહેરુ દ્વારા આ દિવસે એક પ્રતિજ્ઞા લેવામાં આવી હતી કે જયાં સુધી ભારતના નાગરિકોને આઝાદી નહિ ત્યાં સુધી આ સ્વતંત્રતાની ચળવળ ચાલુ રહેશે. આ બધા સંઘર્ષો સાથે અનેક મહાન નાયકોએ સ્વતંત્રતા પ્રાપ્તિ માટે પોતાનું બલિદાન આપ્યું હતું. તેમનું બલિદાન આજે પણ ભારતના નાગરિકો ભૂલી શકયા નથી.

ગાંધીનગર સમાચાર દ્વારા સ્વતંત્ર દિવસની ઉજવણી અંતર્ગત અમે દેશભક્તિ વિશે નાગરિકોની વ્યાખ્યા અભિવ્યકત કરી હતી ત્યારબાદ આજરોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી અંતર્ગત દેશભક્તિના ભાવને સ્વરૂપ આપવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

●●●

આપણો દેશ સંતો અને શુરવીરોનો દેશ છે અને તેમના પ્રેરણાદાયી કાર્યો અને વિચારોથી જ ભારત દેશની રાષ્ટ્ર ભાવનાનું ઘડતર થયું છે. સાચો રાષ્ટ્રપ્રેમ આપણા કાર્યોની ફળશ્રુતિમાં રહેલી છે જયારે પણ આપણે કોઈ ઉત્તમ ઉદ્દેશ્યથી કાર્ય કરીએ કે જેના કારણે આપણા દેશ બાંધવોના જીવન, વિચાર અને દેશ પ્રતિભાવનામાં પરિવર્તન આવે તે



જ શ્રેષ્ઠ રાષ્ટ્રભક્તિ છે અને તેથી જ સાચી દેશભક્તિ શાબ્દિક ના હોવી જોઈએ પરંતુ તે આપણી તપસ્યા હોવી જોઈએ. કાર્ય નાનું કે મોટું હોય તે જરૂરી નથી પણ તે કાર્યનું પરિણામ સમગ્ર રાષ્ટ્રલક્ષી હોવું જોઈએ.

**- પ્રેમલસિંહ ગોલ, ડેપ્યુટી મેયર, ગાંધીનગર**

●●●

દેશભક્તિ એ રાષ્ટ્રીય



તહેવારોના દિવસે વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવીએ કે દેશભક્તિના ગીતો વગાડીએ એ નથી રાષ્ટ્રપ્રેમ દરરોજ હંમેશા જીવવો જોઈએ જેમ માતા માટે પોતાનું સંતાન સર્વોપરી છે તેમ આપણા હીત પહેલાં રાષ્ટ્ર હીત હોવું જોઈએ. જો દેશમાં ૫૦ ટકા નાગરિકો પણ આ ભાવના રાખે તો દેશની પ્રગતિને કોઈ અટકાવી શકે નહિ. આજના દિવસે સૌ રાષ્ટ્ર હિતને સર્વોપરી રાખીએ તે ભાવના સાથે પ્રજાસત્તાક દિનની શુભેચ્છા. જય હિન્દ.

**- નીરૂબેન પટેલ, આચાર્યા, શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રા. શાળા**

●●●

રાષ્ટ્રભક્તિ અને દેશપ્રેમ



માત્ર એક દિવસ પૂરતા સિમિત ન હોય જયાં છીએ, જેવા છીએ અને જેટલું આપી શકીએ છીએ એટલું યોગદાન હરહંમેશ રાષ્ટ્ર નિર્માણમાં આપીએ. સ્વ નહિ પણ સ્વરાજ પહેલાં બસ એ જ રાષ્ટ્રભક્તિ અને એ જ દેશપ્રેમ.

**- કલ્પેશ રાવલ, પત્રકાર, એબીપી ન્યૂઝ**

●●●

૨૬ જાન્યુઆરી બધા જ ભારતીઓ માટે ખૂબ જ મહત્વનો દિવસ છે. આ દિવસ ગણતંત્ર દિવસ તરીકે ઉજવીએ છીએ સાથે સાથે એ પણ ખૂબ જરૂરી એટલે કે ભારતનું બંધારણ આપણને મળ્યું



હતું. આ દિવસે અને આ દિવસની ઉજવણી ધામધૂમથી કરવામાં આવે છે. હું આ દિવસે સવારથી સાંજ સુધી ગરીબોની સેવામાં એટલે કે કંઈક ને કંઈક બંધારણ અન્વયે તમામ ભારતીયો મારા ભાઈ-બહેન છે તેમ સમજી સમાન હકથી રાષ્ટ્રપ્રેમ વ્યકત કરવો.

**- નરેન્દ્ર એલ. મંડીર, ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ**

●●●

રાષ્ટ્રની પ્રગતિનો સૌથી મહત્વનો



પાયો દેશ પ્રત્યેનો પ્રેમ જ હોય છે. માત્ર ધ્વજવંદન અને ધ્વજારોહણ કાર્યક્રમ વખતે જ વ્યકત થતી દેશભક્તિ કેવળ પ્રદર્શન જ છે. મૂળભૂત ફરજો અંગેનું સભાનતા પૂર્વકનું વર્તન જ અન્યોને પ્રેરણા પુરી પાડી શકે છે. આદર્શ નાગરિક બનવું તે જ ઉત્તમ રાષ્ટ્રનું નિર્માણ નિશ્ચિત કરે છે.

**- દશરથભાઈ પટેલ, આચાર્ય, શ્રીમતી આર.એન. પટેલ પ્રા. શાળા**

●●●

રાષ્ટ્રભક્તિ = માતૃભક્તિ, જેમ પોતાના ઘરનો સમાજમાં આગળ વધારવાની ચાહના હોય છે તેવી જ રીતે જો દેશની દરક વસ્તુને પોતાની સમજીને સાચવવામાં આવે, દેશના દરેક વ્યક્તિને પોતાના



પરિવારનો સદસ્ય સમજી એની મદદ કરી એની પ્રગતિ કરાવવી... ગરીબને પોતાના પરિવારનો સભ્ય સમજી સારું વર્તન કરી માનવતા આપવામાં સેવાકાર્યમાં પસાર કરું છું. હું કલ્ચર ઈવેન્ટ કરીને દર વર્ષે આપણાં ગુજરાતનું ફોક રજુઆત કરીને ઉજવણી કરીએ છીએ.

**- નિકુંજ શ્રીમાળી, બિઝનેસમેન**

●●●

આપણે બધાં માત્ર ભારતીય છીએ આપણા દેશને ભારત, હિન્દુસ્તાન અને ઈન્ડિયા કહેવામાં



આવે છે પરંતુ આ ત્રણેય નામમાં રાષ્ટ્રભક્તિ કે દેશભક્તિ જોડાયેલી છે. વિવિધ સમાજ અને ધર્મથી બનેલો આ લોકશાહી દેશ છે જેમાં બહુધા સમુદાય હિન્દુ છે. પ્રત્યેક વ્યક્તિએ રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી અને ફરજોનું પાલન કરવાનું હોય છે એ જ ખરી રાષ્ટ્રભક્તિ છે. અનેકતામાં એકતા એ આપણી શાન છે એટલે જ મેરા ભારત મહાન હૈ...આઝાદીના અમૃત મહોત્સવમાં એક જ સંદેશ હોવો જોઈએ કે કોઈ નાગરિક સમાજ કે જ્ઞાતિનો નથી બધા ભારતીય છે.

**- ગૌતમ પુરોહિત, પત્રકાર**

●●●

મારા મતે દેશભક્તિ એટલે ગરીબમાં ગરીબ વ્યક્તિથી માંડી મધ્યમવર્ગ સુધીના તમામ લોકોની સામાન્ય જરૂરિયાતો પુરી પાડી તેઓનું જીવનધોરણ ઉંચું લાવવું. હું ભારતીય છું અને ભારતના ''વીરો-શહીદો પ્રત્યે ઋણની



અભિવ્યક્તિ કરશે. ધર્મ-કોમ-જ્ઞાતિના ભેદભાવ ભુલી તિરંગા સમક્ષ સૌ એક બની જશે 'કલ કે દૌર' માંથી નીકળીને સાત જ દાયકાના સમયગાળામાં ભારતે અનેકવિધ સિદ્ધિઓ સર કરીને વિશ્વના શક્તિશાળી દેશોમાં આગવું સ્થાન મેળવ્યુ છે ત્યારે દેશની એકતા-અખંડિતતા અને તિરંગાની શાન યુગો સુધી જળવાઈ રહે તેવી દેશદાઝ સાથે ૭૩મા પ્રજાસત્તાક પર્વને વધાવીએ... જાગૃત અને જવાબદાર નાગરિક તરીકેની ફરજ હંમેશા ઈમાનદારી સાથે અદા કરવી એવી ભાવના સાથે જય હિન્દ ભારત માતા કી જય...''

**- મહેશભાઈ મોઢ, ચીફ ફાયર ઓફિસર**

●●●

''દેશભક્તિ એ કોઈ નાગરિકની પોતાના દેશહિત માટેની રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અને નૈતિક લાગણી છે, વતન પ્રત્યેનો પ્રેમ છે, તેના ભૂતકાળ અને વર્તમાનનો ગર્વ છે. દેશના હિત માટે પોતાના હિતને ગૌણ બનવાની



ઈચ્છા છે. દેશભક્તિ એટલે રાષ્ટ્રને તમારા માટે ગૌરવ થાય તેવી વાણી, વર્તન, વિચાર અને વૃત્તિનું આચરણ. દિવસમાં કોઈ કામ એવું કરવું જોઈએ કે જેથી રાષ્ટ્રને તમારા માટે ગૌરવ થાય, સ્વચ્છતા રાખવી, નિયમિત કરવેરા ભરવા, રક્તદાન કરવું એ પણ દેશભક્તિ વ્યક્ત કરવા માટેના કાર્યો છે.''

**- ભાવિન પટેલ, પનઘટ કલા સંસ્થા**

●●●

''અનેકતા એ એકતા સાથે શ્રેષ્ઠ સંસ્કૃતિ ધરાવતા વિશ્વના સૌથી વિશાળ ભારત દેશના ૭૩મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી દેશભરમાં અને વિશ્વના ખૂણે ખૂણે વસતા ભારતીયો આન, બાન અને શાનથી કરી તિરંગાને બા-અદબ સલામી સાથે સ્વાતંત્ર્ય દાખવવી... દેશ માટે મરી મીટવાની વાતો કરવા કરતાં, કરી બતાવવાની ચાહના હોવી... વિદેશમાં જઈને આપણું શોષણ થવા દેવા કરતાં આપણા જ દેશમાં રહીને આપણા જ



દેશને કેવી રીતે પ્રગતિના પંથે લઈ જવો એ વિચાર રાષ્ટ્ર, ભક્તિનું પ્રતિક દર્શાવે છે.''

**- પ્રજ્ઞાબેન ગજ્જર, ડાન્સ કોરીયોગ્રાફર**

●●●

''દેશભક્તિ એટલે રાષ્ટ્રની કટોકટી સમયે ઉદારતાથી તન, મન અને ધનની આહુતિ આપવી. દેશને સંપૂર્ણ આદર સાથે સન્માન આપવાની ભાવના અને એ



સન્માનમાં આપણી સાથે સૌ કોઈ જોડાય તે જોવાની તત્પરતા. સમાજના વિવિધ વર્ગો માટેના ભેદભાવો ત્યજીને ભારતીય હોવાના ગૌરવ સાથે ભવિષ્યની પેઢીને સાચું માર્ગદર્શન મળી રહે તેવું જીવન જીવવાની શૈલી.''

**- ડો. જયેન્દ્રસિંહ જાદવ, સાહિત્યકાર**

## સરસ્વતી વિદ્યાલય ખાતે ઓનલાઈન પ્રજાસત્તાક દિન ઉજવાયો



ગાંધીનગર, તા.૨૫

સેકટર-૬માં સરસ્વતી વિદ્યાલયમાં પ્રજાસત્તાક દિનના અનુસંધાનમાં ઓનલાઈન રાષ્ટ્રધ્વજ દોરી તેને અનુરૂપ રંગપૂરણી પ્રવૃત્તિનું બાલમંદિર વિભાગમાં આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ ઓનલાઈન ગૃપમાં ફોટા મોકલીને પ્રવૃત્તિનો ઉત્સાહ વ્યકત કર્યો હતો. વર્ગ શિક્ષક પ્રિતીબેને બાળકોને રાષ્ટ્રધ્વજ તેમજ તેના રંગોનું મહત્વ સમજાવ્યું હતું.




ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલમાં પ્રિ-પ્રાઈમરી વિભાગમાં ૭૩માં પ્રજાસત્તાક દિનની ઓનલાઈન ઉજવણી કરવામાં આવી તેમાં નાના ભૂલકાઓએ નૃત્ય, દેશભક્તિ ગીતો દ્વારા આનંદ અને ઉત્સાહભેર રજૂઆત કરી હતી.

## આઝાદીમાં ક્રાંતિવીરોની ભૂમિકા વિશે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિશ્રીનું ઓનલાઈન વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૨૫

'રાષ્ટ્રની આઝાદીમાં ક્રાંતિવીરોની ભૂમિકા' વિશે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહનું ઓનલાઈન વ્યાખ્યાન ૨૫મી જાન્યુઆરીના રોજ યોજાયું હતું. જેમાં કુલપતિશ્રીએ દેશના ઈતિહાસમાં ભૂલાઈ ગયેલા અનેક ક્રાંતિકારીઓ વિશેની ઓછી જાણીતી વાતો, તેમની રાષ્ટ્રભક્તિ, આઝાદી માટેના સંઘર્ષ અને સમર્પણના પ્રસંગો રજૂ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, અત્યારે આઝાદીનો અમૃત મહોત્સવ ચાલી રહ્યો છે. અત્યારે આપણે દેશ માટે લડવાનું કે મરવાનું નથી. શહીદોને યાદ કરીને ક્ષણે ક્ષણ દેશ માટે જીવીએ. આપણા વ્યવહારમાંથી પળેપળ કૃતિશીલ દેશભક્તિ પ્રગટવી જોઈએ. ૨૬મી જાન્યુઆરીની પૂર્વ સંધ્યાએ બાયસેગની વંદે ગુજરાત ચેનલ-૧ તથા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની યુ-ટ્યૂબ ચેનલ પર પ્રસારિત આ વ્યાખ્યાનમાં અનેક દર્શકો ઓનલાઈન જોડાયા હતા. યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શનમાં શિક્ષણશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. રણજિતસિંહ પવારના અધ્યક્ષ સ્થાને આ વ્યાખ્યાન યોજાયું હતું. આ કાર્યક્રમના મુખ્ય સંયોજક તરીકે વિદ્યાનિકેતનના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલ રહ્યા. જ્યારે સહસંયોજક તરીકે ડૉ. જિજ્ઞેશ પટેલ, ડૉ. નીલેશ પંડ્યા, ડૉ. મિનલબા જાડેજા તથા ડૉ. રૂપમ ઉપાધ્યાય રહ્યાં હતાં.




સર્વ વિદ્યાલય કેલવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે પ્રજાસત્તાક દિન નિમિત્તે રાષ્ટ્રધ્વજ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ વર્ગના કુલ ૮૯ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ કાગળ, અનાજ અને કઠોળની મદદથી રાષ્ટ્રધ્વજ બનાવ્યા હતા અને રાષ્ટ્રપ્રત્યે પ્રેમ દર્શાવ્યો હતો.

## એસ.વી. સ્કૂલમાં બાળકો અને મમ્મીઓ માટે યોજાઈ 'સૂપ મેકિંગ એક્ટિવિટી'

ગાંધીનગર, તા.૨૫

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લીશ મિડિયમ પ્રિ-





સ્કૂલમાં ઓનલાઈન 'સૂપ મેકિંગ એક્ટિવિટી' યોજાઈ ગઈ. આજના જમાનામાં બાળકો પેપ્સી અને કોલા જેવા પીણાં તરફ આકર્ષાઈ રહ્યા છે, ત્યારે તેમને પૌષ્ટિક અને કુદરતી તત્વોથી ભરપૂર એવા સૂપનું મહત્વ સમજાય, તે આશયથી શાળા દ્વારા આ નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો, જેમાં નર્સરી, જુનિયર અને સિનિયર કે. જી. ના બાળકોની મમ્મીઓએ બાળકોની સાથે મળીને ટોમેટો સૂપ, સ્વીટ કોર્ન સૂપ, સ્પિનચ સૂપ, મિક્સ વેજ સૂપ , લેમન જિંજર સૂપ, લેમન કોરિએન્ડર સૂપ, હોટ એન્ડ સૌર સૂપ, મનચાઉ સૂપ જેવા વિવિધ પ્રકારના સૂપ બનાવ્યા હતા. શિક્ષિકાઓએ બાળકોને આ તમામ સૂપ પીવાથી શું લાભ થાય છે, તે સમજાવ્યું હતું. બાળકોએ પણ સૂપ બનાવવામાં કઈ વસ્તુનો ઉપયોગ કર્યો છે, તેનું વર્ણન કર્યું હતું, શિયાળાની ઠંડી ઠંડી ઋતુમાં આ ગરમ ગરમ પૌષ્ટિક સૂપ પીવાની મોજ માણી હતી અને પોતાના શિક્ષિકાઓને દરરોજ સૂપ પીવાનું વચન આપ્યું હતું. આ સેલિબ્રેશનમાં મમ્મીઓનો ઉત્સાહ અને યોગદાન નોંધપાત્ર રહ્યાં હતાં.

## કોલવડામાંથી જુગાર રમતા ૭ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૫

કોલવડા ગામના પગીવાસ ખાતે ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહેલા ૭ જુગારીઓને પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૧,૬૬૦નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના જવાનો પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમયે કોલવડા ત્રણ રસ્તા પાસે આવતા પોલીસ ને બાતમી મળી હતી કે કોલવડા ગામના પગીવાસ ખાતે ચામુંડા માતાજીના મંદિરની બહાર ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પર જઈ રેઈડ પાડી કુંડાળુ વળીને જુગાર રમી રહેલા સાત જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસને જોઈ જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે કોલવડા પગીવાસ ખાતે રહેતા ૫૦ વર્ષિય રમેશજી મંગાજી ઠાકોર, કિશનજી ભવાનજી ઠાકોર (ઉં.૨૬ પગીવાસ કોલવડા), ૬૨ વર્ષિય પોપટજી કચરાજી ઠાકોર, શંભુજી મણાજી ઠાકોર, પધાજી મોતીજી ઠાકોર, ભીખાજી બાદરજી ઠાકોર અને કરશનજી ભગાજી ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસ દાવ પરથી રોકડા રૂ.૬૬૦ તેમજ અંગજડતી દરમિયાન રોકડા રૂ.૧૧,૦૦૦ મળી કુલ રૂ.૧૧,૬૬૦નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે એપેડેમીક એકટ અને જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. રાઠોડ મંજુબેન ભગુભાઈ, ઉ.વ. ૫૩, સેકટર-૨૫
- સ્વ. વાળંદ કોદરભાઈ કચરાભાઈ, ઉ.વ. ૯૧, શિહોલી મોટી
- સ્વ. મકવાણા લાલાભાઈ લક્ષ્મણભાઈ, ઉ.વ. ૨૨, ખરડ, ધંધુકા
- સ્વ. પટેલ છગનભાઈ ધનજીભાઈ, ઉ.વ. ૬૭, સેકટર-૨
- સ્વ. છવિરાજી પલટુરામ, ઉ.વ. ૮૭, સેકટર-૩૦
- સ્વ. ભરવાડ પુરીબેન સીમાભાઈ, ઉ.વ. ૬૨, સે-૪, છાપરાં
- સ્વ. ઠાકર મહેન્દ્રકુમાર લાભશંકર, ઉ.વ. ૭૦, સેકટર-૨
- સ્વ. વાઘેલા વિક્રમસિંહ રામાજી, ઉ.વ. ૫૯, નવા પીંપળજ

## જન્મદિને વધામણી



સ્નેહ મણિયાર



મૈશ્વા ચિરાગ પ્રજાપતિ
મો. ૭૦૪૧૮ ૬૩૭૦૫



એલ એન. પરમાર



વ્યોમ વિપુલભાઈ પટેલ
મો. ૯૪૨૮૪ ૭૬૭૬૧



ઓમ નિરંજન પટેલ



રૂપેશ શાહ



કીર્તિરાજ મનહરસિંહ
આશાપુરા જલસેવા
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫



સંજીવની રાકેશભાઈ પગી



વિરેન્દ્રસિંહ ચાવડા